# DHARMESH A. CHAPATWALA
B.COM., LL.B.

## ADVOCATE
(ENROLLMENT NO. : G/2242/2003)

204, Sundaram Square, Darji Street, Mudita Mithai Lane, Opp. Hills Nursery School,
Nanpura, Surat.-395001, M.No.98254 22140


તા. ૨૪/૦૫/૨૦૧૯

## ટાઇટલ રીપોર્ટ

### -:: મિલકતની વિગત ::-

ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ મજુરા, તાલુકા સીટી શહેર સુરતનાં રીંગરોડ, સહારા દરવાજા વિસ્તારમાં આવેલ **વોર્ડ નં. ૪ નાં સી.સ.નોંધ નં. ૨૧૯૦ પૈકી અ/૧/અ/૧/૧/અ/૨૮ થી નોંધાયેલ કુલ જમીન પૈકીની ખુલ્લી જમીન** કે જે સી.સ.નોંધ નં. ૨૧૪૯, ૨૧૫૦, ૨૧૫૧, ૨૧૫૨, ૨૧૫૩, ૨૧૫૪, ૨૧૫૫, ૨૧૫૬, ૨૧૫૭ તથા ૨૧૫૮ ની પાછળ યાને પુર્વ તરફનાં ભાગે આવેલ છે, જેનું અનુક્રમે ક્ષેત્રફળ **૧૨.૫૪ ચો.મી., ૧૫.૮૯ ચો.મી., ૧૬.૭૨ ચો.મી., ૧૫.૮૮ ચો.મી., ૧૫.૮૮ ચો.મી., ૧૫.૮૯ ચો.મી., ૧૫.૮૯ ચો.મી., ૧૫.૦૫ ચો.મી., ૧૫.૮૯ ચો.મી. તથા ૧૫.૮૯ ચો.મી.** થાય છે તે ખુલ્લી જગ્યાવાળી મિલકતો તથા **વોર્ડ નં. ૪ નાં સી.સ.નં. ૨૧૫૨** તથા **૨૧૫૩** કે જેનું અનુક્રમે ક્ષેત્રફળ સુમારે **૨૫.૯૨ ચો.મી.** તથા **૨૫.૯૨ ચો.મી.** થાય છે તે તથા **સી.સ.નં. ૨૧૯૦ પૈકી અ/૧/અ/૧/૧/અ/૨૮ થી નોંધાયેલી મિલકતમાં આવેલ ૧૧૯૧** ચો.વાર યાને ૯૯૫.૮૨ ચો.મી. ક્ષેત્રફળવાળી આખી જમીન પૈકી સરકારશ્રીએ રીઝર્વેશનમાં લીધેલ જમીન બાદ કરતા તે આખી જમીનની **પશ્ચિમ દિશા તરફ આવેલ સુમારે ૨૫૬ ચો.વાર યાને ૨૧૩.૯૫ ચો.મી.નાં ક્ષેત્રફળવાળી ફ્રી હોલ્ડવાળી** જમીનોનો ટાઇટલ રીપોર્ટ.

આથી હમો એડવોકેટ શ્રી ધર્મેશ એ. ચપટવાલાને ઉપરોકત વર્ણન અને વિગતવાળી મિલકત, તેનાં માલિક- **"વિજય એન્ટરપ્રાઇઝ" એક ભાગીદારી પેઢી,** ઠેકાણું : વોર્ડ નં. ૪, નોંધ નં. ૨૧૫૨-૨૧૫૩, કાગજીની ચાલ, બેગમપુરા, સુરતનાં તરફથી સદરહું મિલકતનાં ટાઇટલ રીપોર્ટ અંગેની માંગણી કરતા, તેઓએ મારી સમક્ષ રજુ કરેલ, સદરહું મિલકત અંગેનાં જરૂરી દસ્તાવેજી પુરાવાઓની ઓરીજીનલ/ ઝેરોક્ષ નકલોનો અભ્યાસ કરી સદરહું મિલકતનાં ટાઇટલ બાબત મારો અભિપ્રાય નીચે મુજબ આપતા, આથી તમામ લાગતા વળગતાઓને આ ટાઇટલ રીપોર્ટથી જણાવવામાં આવે છે કે,

**સદરહુ મિલકતનાં ટાઇટલની હકીકત નીચે મુજબ છે.:**

**વોર્ડ નં. ૪ નાં સી.સ.નં. ૨૧૪૯** કે જેનું ક્ષેત્રફળ સુમારે ૨૫.૯૨ ચો.મી. તથા તેની પાછળનાં ભાગે યાને પુર્વ તરફનાં ભાગે આવેલ **સી.સ.નં. ૨૧૯૦ પૈકી અ/૧/અ/૧/૧/અ/૨૮ થી નોંધાયેલી મિલકત** કે જેનું ક્ષેત્રફળ સુમારે ૧૨.૫૪ ચો.મી. નું માપ મળી કુલ્લે ક્ષેત્રફળ સુમારે ૩૮.૪૬ ચો.મી. થાય છે તે મિલકત મુળ માલીક અબ્દુલ રહેમાન અમીરભાઇની માલિકીની ચાલી આવેલ. મજકુર અબ્દુલ રહેમાન અમીરભાઇ ગુજરી જતા તેમનાં વારસો તરફે મહે. સુરતનાં સીવીલ જડજ સી.ડી. સાહેબની કોર્ટમાં રેગ્યુલર દિવાની મુકદમો નં. ૧૬૫ સને ૧૯૩૭ નો દાવો કરવામાં આવેલો. સદર દાવામાં થયેલા ફેસલા મુજબ (૧) અમીનાબીબી તે અબ્દુલરહેમાન અમીરભાઇની વિધવા, (૨) શરીફુન્નીસા તે અબ્દુલરહેમાન અમીરભાઇની દીકરી, (૩) સરફુદીન અબ્દુલ રહેમાન, (૪) ખેરુન્નીસા તે અબ્દુલરહેમાન અમીરભાઇની દીકરી તથા (૫) ફાતમાબીબી તે અબ્દુલરહેમાન અમીરભાઇની દીકરીનાંઓને માલીકી હકકે પ્રાપ્ત થયેલ. ત્યારબાદ, (૧) અમીનાબીબી તે અબ્દુલરહેમાન અમીરભાઇની વિધવા, (૨) શરીફુન્નીસા તે અબ્દુલરહેમાન અમીરભાઇની દીકરી, (૩) સરફુદીન અબ્દુલ રહેમાન, (૪) ખેરુન્નીસા તે અબ્દુલરહેમાન અમીરભાઇની દીકરી તથા (૫) ફાતમાબીબી તે અબ્દુલરહેમાન અમીરભાઇની દીકરીનાંઓ કનેથી મજકુર મિલકત ઉમરાવભાઇ બીરજુભાઇએ તા. ૦૫/૦૨/૧૯૫૯ નાં રોજ વેચાણ રાખેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતનાં સબ રજીસ્ટ્રાર

DHARMESH A. CHAPATWALA ADVOCATE Surat



સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નં. ૨૨૪ થી તા. ૦૫/૦૨/૧૯૫૯ નાં રોજ નોંધાયેલ. આમ, ઉમરાવભાઇ બીરજુભાઇ મજકુર મિલકતનાં માલીક મુખત્યાર થયેલા.

ત્યારબાદ, જીલ્લા કલેકટરશ્રી સુરતનાંએ મજકુર મિલકત અંગે તેઓનાં હુકમ ક્રમાંક નં સી.ટી.એસ./વશી ૧૪૩૧/૮૧, તા. ૨૪/૦૮/૧૯૮૧ થી સદરહું જમીન અંગે વિશેષધારા અંગેની નોંધ કરવામાં આવેલ. જે અંગેની નોંધ સીટી સર્વે કચેરીએનાં પ્રોપર્ટી કાર્ડમાં નોંધ નં. ૧૦૧ થી તા. ૧૧/૦૩/૧૯૮૨ નાં રોજ પાડવામાં આવેલ. જે બાદમાં તા. ૨૯/૦૩/૧૯૮૨ નાં રોજ પ્રમાણિત પણ થયેલ.

ત્યારબાદ, મજકુર મિલકતનાં માલીક ઉમરાવભાઇ બીરજુભાઇ તા. ૦૩/૧૦/૧૯૮૬ નાં રોજ ગુજરી ગયેલા હોય, તેમનાં કાયદેસરનાં સીધીલીટીનાં વારસદારો તરીકે (૧) ગોમતીબેન તે ઉમરાવભાઇની વિધવા, (૨) નવનીતભાઇ ઉમરાવભાઇ, (૩) દયાશંકર ઉમરાવભાઇ, (૪) ધનકીબેન, (૫) રામબાઇ તથા (૬) લલીતાબેનનાંઓ ચાલી આવેલા, જે પૈકી મર્હુમ ઉમરાવભાઇ બીરજુભાઇનાં પત્ની ગોમતીબેન અગાઉ સને ૧૯૭૪ ની સાલમાં અવસાન પામેલા હોય, તેમજ પુત્ર દયાશંકર ઉમરાવભાઇ તા. ૦૨/૧૧/૨૦૦૮ નાં રોજ ગુજરી ગયેલા હોય તેઓનાં કાયદેસરનાં સીધીલીટીનાં વારસદારો તરીકે (૧) રાધાબેન તે દયાશંકરની વિધવા, (૨) જાગૃતિબેન તે દયાશંકરની પુત્રી તથા (૩) કામીનીબેન તે દયાશંકરની પુત્રીનાંઓનાં નામો ચાલી આવેલા, તેમજ મર્હુમનાં વારસદારો પૈકી લલીતાબેન તે ઉમરાવભાઇની પુત્રી તા. ૧૪/૦૮/૨૦૦૭ નાં રોજ ગુજરી ગયેલ હોય તેઓનાં કાયદેસરનાં સીધીલીટીનાં વારસદારો તરીકે (૧) ભરતકુમાર બ્રીજલાલ, (૨) રાજકુમાર બ્રીજલાલ, (૩) વિનોદકુમાર બ્રીજલાલ તથા (૪) રમેશભાઇ બ્રીજલાલનાંઓ ચાલી આવેલા જે પૈકી ભરતકુમાર બ્રીજલાલ તા. ૧૧/૦૬/૨૦૦૬ નાં રોજ ગુજરી ગયેલ હોય જેનાં કાયદેસરનાં સીધીલીટીનાં વારસદારો તરીકે (૧) નીતાબેન તે ભરતકુમારની વિધવા, (૨) નરેશ ભરતકુમાર,(૩) પુષ્પા ભરતકુમાર તથા (૪) પીન્કી ભરતકુમારનાંઓ ચાલી આવેલા તેમજ મર્હુમ લલીતાબેનનાં પુત્રો પૈકી રાજકુમાર બ્રીજલાલ તા. ૨૮/૦૪/૨૦૦૦ નાં રોજ ગુજરી ગયેલા હોય તેઓનાં વારસદારો તરીકે ચંદ્રીકાબેન તે રાજકુમારની વિધવા વિગેરેનાં નામો વારસાઇ હકકે સીટી સર્વે કચેરીએનાં પ્રોપર્ટીકાર્ડમાં તા. ૨૭/૦૭/૨૦૧૭ નાં રોજ દાખલ કરવામાં આવેલા. જે નોંધ બાદમાં તા. ૦૯/૧૦/૨૦૧૭ નાં રોજ પ્રમાણિત થયેલ.

મજકુર જમીન માલીક ઉમરાવભાઇ બીરજુભાઇએ ગુજરતા પહેલા તા. ૨૬/૦૮/૧૯૮૫ નાં રોજ કરેલ વિલનાં આધારે મજકુર મિલકત પૈકી ૨૩ ચો.વાર જમીન તેમનાં મોટા દિકરા નવનીતભાઇ ઉમરાવભાઇને આપવાનું ઠરાવેલ, જયારે બાકી રહેતી ૨૩ ચો.વાર જમીન નાના દિકરા દયાશંકર ઉમરાવભાઇને આપવાનું ઠરાવેલ. ત્યારથી મજકુર મિલકતમાં વિલનાં આધારે રામબાઇ ચીમનલાલ તે ઉમરાવભાઇની પુત્રી, વિનોદકુમાર બ્રિજલાલ, રમેશભાઇ બ્રીજલાલ, નીતાબેન તે ભરતકુમારની વિધવા, નરેશ ભરતકુમાર, પુષ્પા ભરતકુમાર, પીન્કી ભરતકુમાર અને ચંદ્રિકાબેન તે રાજકુમારની વિધવાનાં નામો સદરહું મિલકતનાં પ્રોપર્ટીકાર્ડમાંથી કમી કરવામાં આવેલા. આમ, મજકુર મિલકત પૈકી ૨૩ ચો.વાર ક્ષેત્રફળવાળી જમીનનાં માલીક નવનીતભાઇ ઉમરાવભાઇ તથા ૨૩ ચો.વાર ક્ષેત્રફળવાળી જમીનનાં માલીક દયાશંકર ઉમરાવભાઇ થયેલા. ત્યારબાદ, દયાશંકર ઉમરાવભાઇનું તા. ૦૨/૧૧/૨૦૦૮ નાં રોજ અવસાન થતા તેઓનાં કાયદેસરનાં સીધીલીટીનાં વારસદાર તરીકે (૧) રાધાબેન તે દયાશંકર ઉમરાવભાઇની વિધવા, (૨) જાગૃતિબેન તે દયાશંકર ઉમરાવભાઇની પુત્રી અને સુરેશકુમારની પત્ની તથા (૩) કામીનીબેન તે દયાશંકર ઉમરાવભાઇની પુત્રી અને કૃણાલભાઇની પત્નીનાંઓ ચાલી આવેલા. પરંતુ ઉમરાવભાઇ બીરજુભાઇએ તા. ૨૬/૦૮/૧૯૮૫ નાં રોજ કરેલ વીલ અંગેની નોંધ સદર મિલકતનાં સીટી સર્વે કચેરીએનાં પ્રોપર્ટી કાર્ડમાં તા. ૨૭/૦૭/૨૦૧૭ નાં રોજ કરવામાં આવેલ અને જે નોંધ તા. ૦૯/૧૦/૨૦૧૭ નાં રોજ પ્રમાણિત કરવામાં આવેલ અને અન્ય વારસદારોનાં નામો કમી કરવામાં આવેલા.

મજકુર મિલકત અંગે સુરત મહાનગરપાલીકા સ્થાયી સમિતિએ તા. ૨૫/૦૬/૨૦૦૯ નાં રોજ મળેલ સામાન્ય સભામાં રસ્તા રેખામાં આવતી જમીન ઉપરનું બાંધકામ દુર કરી ખુલ્લી જમીનનો

HARMESH A. CHAPATWALA ADVOCATE



કબજો સુરત મહાનગરપાલીકાને સોંપવા ઠરાવ કરેલ, તે ઠરાવ અન્વયે મજકુર નોંધ નં. ૨૧૪૯ થી નોંધાયેલ આશરે ૨૫.૯૨ ચો.મી. જમીનમાંથી ૮.૨૯ ચો.મી. જમીન રોડ રસ્તામાં કપાત થયેલ છે. હાલ સ્થલ ઉપર ૧૭.૬૩ ચો.મી. જમીન રહેવા પામેલ છે. આમ, (૧) નવનીત ઉમરાવભાઇ, (૨) રાધાબેન તે દયાશંકર ઉમરાવભાઇની વિધવા, (૩) જાગૃતિબેન તે દયાશંકર ઉમરાવભાઇની પુત્રી અને સુરેશકુમારની પત્ની તથા (૪) કામીનીબેન તે દયાશંકર ઉમરાવભાઇની પુત્રી અને કૃણાલભાઇની પત્નીનાંઓ વોર્ડ નં. ૪ નાં સી.સ.નં. ૨૧૪૯ કે જેનું ક્ષેત્રફળ સુમારે ૨૫.૯૨ ચો.મી. તથા સી.સ.નં. ૨૧૯૦ પૈકી ૧/અ/૧/૧/અ/૨૮ થી નોંધાયેલી મિલકત કે જેનું ક્ષેત્રફળ સુમારે ૧૨.૫૪ ચો.મી. નું માપ મળી કુલ્લે ક્ષેત્રફળ સુમારે ૩૮.૪૬ ચો.મી. થાય છે તે જમીનનાં માલીક મુખત્યાર બનેલા.

ત્યારબાદ, મજકુર મિલકત (૧) નવનીત ઉમરાવભાઇ, (૨) રાધાબેન તે દયાશંકર ઉમરાવભાઇની વિધવા, (૩) જાગૃતિબેન તે દયાશંકર ઉમરાવભાઇની પુત્રી અને સુરેશકુમારની પત્ની તથા (૪) કામીનીબેન તે દયાશંકર ઉમરાવભાઇની પુત્રી અને કૃણાલભાઇની પત્નીનાંઓ કનેથી કમલ જામનદાસ પમનાનીએ રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતનાં સબ રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નં. ७९८० થી તા. १७/१०/२०१७ નાં રોજ નોંધાયેલ. જે અંગેની નોંધ વોર્ડ નં. ૪, સી.સ.નં. ૨૧૪૯ વાળા પ્રોપર્ટી કાર્ડમાં નોંધ નં. ૧૩૪૭૫ થી તા. ૦૫/૦૩/૨૦૧૯ નાં રોજ તથા વોર્ડ નં. ૪, સી.સ.નં. ૨૧૯૦/અ/૧/અ/૧/૧/અ/૨૮ વાળા પ્રોપર્ટી કાર્ડમાં નોંધ નં. ૧૩૪૭૬ થી તા. ૦૫/૦૩/૨૦૧૯ નાં રોજ પાડવામાં આવેલ. જે બંને નોંધો તા. ૨૦/૦૪/૨૦૧૯ નાં રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ. આમ, કમલ જામનદાસ પમનાની મજકુર મિલકતનાં માલીક, મુખત્યાર બનેલા. ત્યારબાદ, કમલ જામનદાસ પમનાની વિજય એન્ટરપ્રાઇઝ, એક ભાગીદારી પેઢીમાં ભાગીદાર તરીકે દાખલ થયેલ હોય મજકુર મિલકત પૈકી વોર્ડ નં. ૪ નાં સી.સ.નોંધ નં. ૨૧૯૦ પૈકી અ/૧/અ/૧/૧/અ/૨૮ થી નોંધાયેલ કુલ જમીન પૈકીની ખુલ્લી જમીન કે જે સી.સ.નોંધ નં. ૨૧૪૯ ની પાછળ યાને પુર્વ તરફનાં ભાગે આવેલ છે, જેનું ક્ષેત્રફળ ૧૨.૫૪ ચો.મી. થાય છે તે ખુલ્લી જગ્યાવાળી મિલકત વિજય એન્ટરપ્રાઇઝ, એક ભાગીદારી પેઢીમાં પોતાની મુડી તરીકે લાવેલ, જે અંગે તા. ૧૫/૧૦/૨૦૧૮ નાં રોજ INDENTURE OF RECTIFICATION CUM ADMISSION DEED OF VIJAY ENTERPRIZE બનાવવામાં આવેલ, જે નોટરીશ્રી જીગ્નેશ ડી. સુરતી રૂબરૂ તા. ૧૬/૧૦/૨૦૧૮ નાં રોજ નોટરાઇઝડ પણ કરવામાં આવેલ, જે અંગેનો ભાગીદારીની રચનામાં ફેરફારનો લેખ મહેરબાન સુરતનાં સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નં. ૩૧૨૩ થી તા. ૨૯/૦૪/૨૦૧૯ નાં રોજ રજુ કરેલ, જે બાદમાં તા. ૦૩/૦૫/૨૦૧૯ નાં રોજ નોંધાયેલ. આમ, **વોર્ડ નં. ૪ નાં સી.સ.નોંધ નં. ૨૧૯૦ પૈકી અ/૧/અ/૧/૧/અ/૨૮ થી નોંધાયેલ કુલ જમીન પૈકીની ખુલ્લી જમીન** કે જે સી.સ.નોંધ નં. ૨૧૪૯ ની પાછળ યાને પુર્વ તરફનાં ભાગે આવેલ છે, જેનું ક્ષેત્રફળ **૧૨.૫૪ ચો.મી.** થાય છે તે ખુલ્લી જગ્યાવાળી મિલકત **વિજય એન્ટરપ્રાઇઝ, એક ભાગીદારી પેઢીની માલીકી અને કબજા ભોગવટાની ચાલી આવેલી.**

**વોર્ડ નં. ૪ નાં સી.સ.નં. ૨૧૫૦** કે જેનું ક્ષેત્રફળ સુમારે ૨૫.૯૨ ચો.મી. તથા તેની પાછળનાં ભાગે યાને પુર્વ તરફનાં ભાગે આવેલ **સી.સ.નં. ૨૧૯૦ પૈકીથી નોંધાયેલી ૧૯ ચો.વાર યાને ૧૫.૮૯ ચો.મી.** મળી કુલ્લે ક્ષેત્રફળ સુમારે ૪૧.૮૧ ચો.મી. યાને ૫૦ ચો.વાર થાય છે તે મિલકત મુળ કીકાભાઇ નાનાભાઇ તથા હીરાલાલ નાનાભાઇની માલીકીની ચાલી આવેલી. ત્યારબાદ, તેઓ કનેથી મજકુર મિલકત બાઇ સુખીયાબાઇ રામરતન કોષ્ટીએ વેચાણ રાખેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતનાં સબ રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નં. ૧૫૩૧ થી તા. ૧૪/૦૮/૧૯૫૯ નાં રોજ નોંધાયેલ. ત્યારબાદ, બાઇ સુખીયાબાઇ રામરતન કોષ્ટી કનેથી મજકુર મિલકત હીરાલાલ ભુખણદાસ વિગેરેએ વેચાણ રાખેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતનાં સબ રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નં. ૨૫૩૨ થી તા. ૧૪/૧૦/૧૯૬૪ નાં રોજ નોંધાયેલ. આમ, હીરાલાલ ભુખણદાસ વિગેરે મજકુર મિલકતનાં માલીક મુખત્યાર બનેલા. ત્યારબાદ, હીરાલાલ ભુખણદાસનું તા. ૧૩/૦૨/૨૦૧૨ નાં રોજ અવસાન થયેલ હોય, તેમજ તેમનાં ધર્મપત્નિ મણીબેન હીરાલાલનું અગાઉ તા. ૦૫/૧૧/૨૦૦૬ નાં રોજ અવસાન થયેલ હોય, તેમનાં કાયદેસરનાં સીધીલીટીનાં વારસદારો તરીકે હરીવદન તે હીરાલાલ કેળાવાલાનો દિકરો, મધુસુદન તે હીરાલાલ કેળાવાલાનો દિકરો, ચંદ્રવદન

હીરાલાલ કેળાવાલાનો દિકરો, રીટાબેન તે હીરાલાલ કેળાવાલાની દિકરી અને સ્વ. કિશોરચંદ્ર ટેલરની વિધવા, જયાબેન તે હીરાલાલ કેળાવાલાની દીકરી અને ચંપકલાલ દાડમવાલાની પત્ની તથા કિરણબેન તે હીરાલાલ કેળાવાલાની દીકરી અને દિનેશચંદ્ર દાડમવાલાની પત્નીનાંઓનાં નામ ચાલી આવેલા. જે અંગેની નોંધ સીટી સર્વે દફતરે તા. ૧૧/૦૫/૨૦૧૫ નાં રોજ દાખલ કરવામાં આવેલ, જે બાદમાં તા. ૨૨/૦૬/૨૦૧૫ નાં રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ, તેઓ પૈકી ચંદ્રવદન હીરાલાલનું તા. ૨૪/૦૩/૨૦૦૨ નાં રોજ અવસાન થયેલ હોય, તેઓનાં કાયદેસરનાં સીધીલીટીનાં વારસદારો તરીકે રીટાબેન તે ચંદ્રવદન કેળાવાલાની વિધવા, પરેશભાઇ ચંદ્રવદન કેળાવાલા, વિજયભાઇ ચંદ્રવદન કેળાવાલા, ચેતનાબેન ઉર્ફે દિશા તે ચંદ્રવદન કેળાવાલાની દિકરી અને સ્નેહલકુમાર મોદીની ધર્મપત્નીનાંઓનાં નામો ચાલી આવેલા. જે અંગેની નોંધ સીટી સર્વે દફતરે અનુક્રમ નં. ૨૯૯ થી તા. ૧૨/૦૪/૨૦૦૫ નાં રોજ કરવામાં આવેલ, જે બાદમાં તા. ૨૪/૦૫/૨૦૦૫ નાં રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ, આમ, ત્યારથી (૧) હરીવદન તે હીરાલાલ કેળાવાલાનો દિકરો, (૨) મધુસુદન તે હીરાલાલ કેળાવાલાનો દિકરો, (૩) રીટાબેન તે ચંદ્રવદન કેળાવાલાની વિધવા, (૪) પરેશભાઇ ચંદ્રવદન કેળાવાલા, (૫) વિજયભાઇ ચંદ્રવદન કેળાવાલા, (૬) ચેતનાબેન ઉર્ફે દિશા તે ચંદ્રવદન કેળાવાલાની દિકરી અને સ્નેહલકુમાર મોદીની ધર્મપત્ની, (૭) રીટાબેન તે હીરાલાલ કેળાવાલાની દિકરી અને સ્વ. કિશોરચંદ્ર ટેલરની વિધવા, (૮) જયાબેન તે હીરાલાલ કેળાવાલાની દીકરી અને ચંપકલાલ દાડમવાલાની પત્ની તથા (૯) કિરણબેન તે હીરાલાલ કેળાવાલાની દીકરી અને દિનેશચંદ્ર દાડમવાલાની પત્નીનાંઓ મજકુર મિલકતનાં માલીક મુખત્યાર બનેલા.

ત્યારબાદ, (૧) હરીવદન તે હીરાલાલ કેળાવાલાનો દિકરો, (૨) મધુસુદન તે હીરાલાલ કેળાવાલાનો દિકરો, (૩) રીટાબેન તે ચંદ્રવદન કેળાવાલાની વિધવા, (૪) પરેશભાઇ ચંદ્રવદન કેળાવાલા, (૫) વિજયભાઇ ચંદ્રવદન કેળાવાલા, (૬) ચેતનાબેન ઉર્ફે દિશા તે ચંદ્રવદન કેળાવાલાની દિકરી અને સ્નેહલકુમાર મોદીની ધર્મપત્ની, (૭) રીટાબેન તે હીરાલાલ કેળાવાલાની દિકરી અને સ્વ. કિશોરચંદ્ર ટેલરની વિધવા, (૮) જયાબેન તે હીરાલાલ કેળાવાલાની દીકરી અને ચંપકલાલ દાડમવાલાની પત્ની તથા (૯) કિરણબેન તે હીરાલાલ કેળાવાલાની દીકરી અને દિનેશચંદ્ર દાડમવાલાની પત્નીનાંઓ કનેથી મજકુર મિલકત (૧) નૈના કમલભાઇ પમનાની તથા (૨) નીશા હીરાલાલ પમનાનીનાંઓએ વેચાણ રાખેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતનાં સબ રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નં. ૩૬૧૩ થી તા. ૨૧/૦૪/૨૦૧૬ નાં રોજ નોંધાયેલ. જે અંગેની નોંધ સીટી સર્વે દફતરે તા. ૨૦/૦૯/૨૦૧૬ નાં રોજ કરવામાં આવેલ, જે બાદમાં તા. ૧૭/૧૨/૨૦૧૬ નાં રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ, આમ, (૧) નૈના કમલભાઇ પમનાની તથા (૨) નીશા હીરાલાલ પમનાનીનાંઓ મજકુર મિલકતનાં માલીક મુખત્યાર બનેલા.

ત્યારબાદ, (૧) નૈના કમલભાઇ પમનાની તથા (૨) નીશા હીરાલાલ પમનાનીનાંઓ પૈકી નીશા હીરાલાલ પમનાનીએ મજકુર મિલકતમાંનો પોતાનો વણ-વહેંચાયેલ ૫૦ % હિસ્સો નૈના કમલભાઇ પમનાનીની તરફેણમાં રીલીઝ દસ્તાવેજથી રીલીઝ કરી આપેલ, જે અંગેનો રીલીઝ દસ્તાવેજ મહેરબાન સુરતનાં સબ રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નં. ૨૦૪૪ થી તા. ૨૭/૦૩/૨૦૧૭ નાં રોજ નોંધાયેલ. જે અંગેની નોંધ સીટી સર્વે દફતરે તા. ૦૫/૦૩/૨૦૧૯ નાં રોજ કરવામાં આવેલ, જે બાદમાં તા. ૨૦/૦૪/૨૦૧૯ નાં રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ, આમ, નૈના કમલભાઇ પમનાની મજકુર આખી મિલકતનાં માલીક મુખત્યાર અને કબજેદાર બનેલા. ત્યારબાદ, નૈના કમલભાઇ પમનાની વિજય એન્ટરપ્રાઇઝ, એક ભાગીદારી પેઢીમાં ભાગીદાર તરીકે દાખલ થયેલ હોય, મજકુર મિલકત પૈકી વોર્ડ નં. ૪ નાં સી.સ.નોંધ નં. ૨૧૯૦ પૈકી અ/૧/અ/૧/૧/અ/૨૮ થી નોંધાયેલ કુલ જમીન પૈકીની ખુલ્લી જમીન કે જે સી.સ.નોંધ નં. ૨૧૫૦ ની પાછળ યાને પુર્વ તરફનાં ભાગે આવેલ છે, જેનું ક્ષેત્રફળ ૧૫.૮૯ ચો.મી. થાય છે તે ખુલ્લી જગ્યાવાળી મિલકત વિજય એન્ટરપ્રાઇઝ, એક ભાગીદારી પેઢીમાં પોતાની મુડી તરીકે લાવેલ, જે અંગે તા. ૧૫/૧૦/૨૦૧૮ નાં રોજ INDENTURE OF RECTIFICATION CUM ADMISSION DEED OF VIJAY ENTERPRIZE બનાવવામાં

આવેલ, જે નોટરીશ્રી જીગ્નેશ ડી. સુરતી રૂબરૂ તા. ૧૬/૧૦/૨૦૧૮ નાં રોજ નોટરાઇઝડ પણ કરવામાં આવેલ, જે અંગેનો ભાગીદારીની રચનામાં ફેરફારનો લેખ મહેરબાન સુરતનાં સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નં. ૩૧૨૩ થી તા. ૨૯/૦૪/૨૦૧૯ નાં રોજ રજુ કરેલ, જે બાદમાં તા. ૦૩/૦૫/૨૦૧૯ નાં રોજ નોંધાયેલ. આમ, **વોર્ડ નં. ૪ નાં સી.સ.નોંધ નં. ૨૧૯૦ પૈકી અ/૧/અ/૧/૧/અ/૨૮ થી નોંધાયેલ કુલ જમીન પૈકીની ખુલ્લી જમીન કે જે સી.સ.નોંધ નં. ૨૧૫૦ ની પાછળ યાને પુર્વ** તરફનાં ભાગે આવેલ છે, જેનું ક્ષેત્રફળ **૧૫.૮૯ ચો.મી.** થાય છે તે ખુલ્લી જગ્યાવાળી મિલકત **વિજય એન્ટરપ્રાઇઝ, એક ભાગીદારી પેઢીની માલીકી અને કબજા ભોગવટાની ચાલી આવેલી.**

**વોર્ડ નં. ૪ નાં સી.સ.નં. ૨૧૫૧** કે જેનું ક્ષેત્રફળ સુમારે ૨૮ ચો.વાર યાને ૨૩.૪૮ ચો.મી. તથા તેની પાછળનાં ભાગે યાને પુર્વ તરફનાં ભાગે આવેલ **સી.સ.નં. ૨૧૯૦ પૈકીથી નોંધાયેલી મિલકત** કે જેનું ક્ષેત્રફળ સુમારે ૨૦ ચો.વાર નું માપ મળી કુલ્લે ક્ષેત્રફળ સુમારે ૪૦.૫૬ ચો.મી. યાને ૪૮.૫૦ ચો.વાર થાય છે તે મિલકત મુળ માલીક જીણાભાઇ કાળીદાસ, પાલીબેન તે રતીલાલ કાળીદાસની છોકરી તથા સગીર નીરૂબેન તે રતીલાલ કાળીદાસની છોકરી તથા સગીર બાબો તે રતીલાલ કાળીદાસનો છોકરો તથા લક્ષ્મીબેન તે રતીલાલ કાળીદાસની છોકરીનાંઓની માલીકીની ચાલી આવેલી. ત્યારબાદ, મજકુર માલીકો કનેથી મજકુર મિલકત પાર્વતીબેન તે છગનલાલ લલ્લુભાઇની ધણીયાણીએ વેચાણ રાખેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતનાં સબ રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નં. ૧૧૩૮ થી તા. ૩૦/૦૪/૧૯૬૪ નાં રોજ નોંધાયેલ. જે અંગેની નોંધ સીટી સર્વે દફતરે પણ કરવામાં આવેલ. આમ, મજકુર જમીનનાં પાર્વતીબેન તે છગનલાલ લલ્લુભાઇની ધણીયાણી માલીક મુખત્યાર ચાલી આવેલા.

ત્યારબાદ, પાર્વતીબેન તે છગનલાલ લલ્લુભાઇની ધણીયાણીનું તા. ૦૪/૧૧/૨૦૦૨ નાં રોજ અવસાન થયેલ તેમજ છગનલાલ લલ્લુભાઇ અગાઉ તા. ૦૪/૧૧/૧૯૭૨ નાં રોજ ગુજરી ગયેલ હોય તેમજ વેણીલાલ છગનલાલ તા. ૨૪/૦૩/૨૦૦૩ નાં રોજ ગુજરી ગયેલ હોય, તેમનાં કાયદેસરનાં સીધીલીટીનાં વારસદારો તરીકે (૧) નિર્મલાબેન તે છગનલાલ લલ્લુભાઇ નવસારીવાલાની દીકરી, (૨) હસમુખલાલ છગનલાલ નવસારીવાલા, (૩) વસંતલાલ છગનલાલ નવસારીવાલા, (૪) હીરાલાલ છગનલાલ નવસારીવાલા, (૫) જયવદન છગનલાલ નવસારીવાલા, (૬) જશવંતીબેન તે વેણીલાલ છગનલાલની વિધવા, (૭) અશોક વેણીલાલ, (૮) વીનય વેણીલાલ તથા (૯) ઉર્વશીબેન વેણીલાલનાંઓનાં નામો દાખલ થયેલ. જે અંગેની નોંધ સીટી સર્વે દફતરે તા. ૨૪/૦૮/૨૦૦૫ નાં રોજ કરવામાં આવેલ, જે બાદમાં તા. ૨૭/૦૯/૨૦૦૫ નાં રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

મર્હુમ પાર્વતીબેન તે છગનલાલ લલ્લુભાઇની ધણીયાણી પોતાની હયાતીમાં તા. ૦૮/૦૮/૧૯૮૮ નાં રોજ વસીયતનામું કરી ગયેલ, જે વસીયતનામાંની રૂએ સદર મિલકત નિર્મળાબેન છગનલાલને મળવાપાત્ર થયેલી. જે વીલ અંગેની નોંધ સીટી સર્વે દફતરે તા. ૨૪/૦૮/૨૦૦૫ નાં રોજ કરવામાં આવેલ, જે બાદમાં તા. ૨૭/૦૯/૨૦૦૫ નાં રોજ પ્રમાણિત પણ કરવામાં આવેલ.

ત્યારબાદ, સદર મિલકતનાં વેચાણ ટાઇટલમાં ખામી ન રહે તે હેતુથી મિલકતનાં માલીક નિર્મલાબેન તે છગનલાલ લલ્લુભાઇ નવસારીવાલાની દીકરી ઉપરાંત (૧) હસમુખલાલ છગનલાલ નવસારીવાલા, (૨) વસંતલાલ છગનલાલ નવસારીવાલા, (૩) હીરાલાલ છગનલાલ નવસારીવાલા, (૪) જયવદન છગનલાલ નવસારીવાલા તથા (૫) જશવંતીબેન તે વેણીલાલ છગનલાલની વિધવાનાંઓએ સાથે મળીને મજકુર મિલકત વિજય એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીને વેચાણ આપેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સુરતનાં સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૧૦૪૧૦ થી તા. ૧૫/૧૦/૨૦૦૫ નાં રોજ નોંધાયેલ. જે અંગેની સીટી સર્વે દફતરે વોર્ડ નં. ૪, સી.સ.નં. ૨૧૫૧ વાળા પ્રોપર્ટી કાર્ડમાં નોંધ નં. ૧૩૪૭૯ થી તા. ૦૫/૦૩/૨૦૧૯ નાં રોજ તથા વોર્ડ નં. ૪, સી.સ.નં. ૨૧૯૦/અ/૧/અ/૧/૧/અ/૨૮ વાળા પ્રોપર્ટી કાર્ડમાં નોંધ નં. ૧૩૪૮૦ થી તા. ૦૫/૦૩/૨૦૧૯ નાં રોજ પાડવામાં આવેલ. આમ, **વોર્ડ નં. ૪ નાં સી.સ.નોંધ નં. ૨૧૯૦ પૈકી અ/૧/અ/૧/૧/અ/૨૮ થી નોંધાયેલ કુલ જમીન પૈકીની ખુલ્લી જમીન** કે જે સી.સ.નોંધ નં. ૨૧૫૧ ની

HARSH ... ADVOCATE SURAT

પાછળ યાને પુર્વ તરફનાં ભાગે આવેલ છે, જેનું ક્ષેત્રફળ **૨૦ ચો.વાર** થાય છે તે ખુલ્લી જગ્યાવાળી મિલકત **વિજય એન્ટરપ્રાઇઝ, એક ભાગીદારી પેઢીની માલીકી અને કબજા ભોગવટાની ચાલી આવેલી.**

**વોર્ડ નં. ૪ નાં સી.સ.નં. ૨૧૫૨** કે જેનું ક્ષેત્રફળ સુમારે ૨૫.૯૨ ચો.મી. તથા તેની પાછળનાં ભાગે યાને પુર્વ તરફનાં ભાગે આવેલ **સી.સ.નં. ૨૧૯૦ પૈકીથી નોંધાયેલી મિલકત**નું માપ મળી કુલ્લે ક્ષેત્રફળ સુમારે ૪૧.૮૦ ચો.મી. યાને ૫૦ ચો.વાર થાય છે તે મિલકત મુળ (૧) બાઇ અમીનાબીબી અબ્દુલ રહેમાનની વિધવા, (૨) શરીફુન્નીસા અબ્દુલ રહેમાન, (૩) મીયા અહમદ અબ્દુલ રહેમાન, (૪) સરફુદીન અબ્દુલ રહેમાન, (૫) ખેરુન્નીસા અબ્દુલ રહેમાન તથા (૬) ફાતમાબીબી અબ્દુલ રહેમાનનાંઓની માલીકીની ચાલી આવેલી. ત્યારબાદ, (૧) બાઇ અમીનાબીબી અબ્દુલ રહેમાનની વિધવા, (૨) શરીફુન્નીસા અબ્દુલ રહેમાન, (૩) મીયા અહમદ અબ્દુલ રહેમાન, (૪) સરફુદીન અબ્દુલ રહેમાન, (૫) ખેરુન્નીસા અબ્દુલ રહેમાન તથા (૬) ફાતમાબીબી અબ્દુલ રહેમાનનાંઓ કનેથી સદરહું મિલકત બંસીલાલ કીશોરભાઇએ રજી. વેચાણ દસ્તાવેજથી તા. ૩૧/૦૮/૧૯૫૭ નાં રોજ ખરીદ કરેલ, અને જે અંગેની નોંધ સીટી સર્વે દફતરે સને ૧૯૬૧ ની સાલમાં થયેલ.

ત્યારબાદ, બંસીલાલ કીશોરભાઇનું તા. ૨૦/૦૬/૧૯૬૪ નાં રોજ અવસાન થતાં તેમનાં કાયદેસરનાં વારસદારો તરીકે (૧) પરભુભાઇ બંસીલાલ, (૨) સગીર સતીષકુમાર પરભુદાસ, (૩) સગીર મનોજકુમાર પરભુદાસ તથા (૪) સગીર ઉર્મીલાબેન પરભુદાસનાંઓ હોય, નં. ૨ થી ૪ નાં વાલી તરીકે પરભુદાસ બંસીલાલનાં નામો તા. ૨૯/૦૯/૮૬ નાં રોજ સીટી સર્વે કચેરીએનાં પ્રોપર્ટી કાર્ડમાં દાખલ કરવામાં આવેલ, આમ, (૧) પરભુભાઇ બંસીલાલ, (૨) સગીર સતીષકુમાર પરભુદાસ, (૩) સગીર મનોજકુમાર પરભુદાસ તથા (૪) સગીર ઉર્મીલાબેન પરભુદાસનાંઓ સદરહું મિલકતનાં માલીક મુખત્યાર બનેલા.

ત્યારબાદ, સગીરો સતીષકુમાર પરભુદાસ, મનોજકુમાર પરભુદાસ તથા ઉર્મીલાબેન પરભુદાસનાંઓ પુખ્તવયનાં થયા બાદ (૧) પરભુભાઇ બંસીલાલ, (૨) સતીષકુમાર પરભુદાસ, (૩) મનોજકુમાર પરભુદાસ તથા (૪) ઉર્મીલાબેન પરભુદાસનાંઓએ સદરહું મિલકત વિજય એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીને વેચાણ આપેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ (૧) પરભુભાઇ બંસીલાલ, (૨) સતીષકુમાર પરભુદાસ, (૩) મનોજકુમાર પરભુદાસ તથા (૪) ઉર્મીલાબેન પરભુદાસનાંઓનાં કુલમુખત્યાર શ્રીરામ આર. વિજયવર્ગીયનાંએ વિજય એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીની તરફેણમાં કરી આપેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સુરતનાં સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૮૫ થી તા. ૦૪/૦૧/૨૦૦૫ નાં રોજ નોંધાયેલ. જે અંગેની સીટી સર્વે દફતરે વોર્ડ નં. ૪, સી.સ.નં. ૨૧૫૨ વાળા પ્રોપર્ટી કાર્ડમાં નોંધ નં. ૧૩૪૧૮ થી તા. ૨૭/૦૨/૨૦૧૯ નાં રોજ તથા વોર્ડ નં. ૪, સી.સ.નં. ૨૧૯૦/અ/૧/અ/૧/૧/અ/૨૮ વાળા પ્રોપર્ટી કાર્ડમાં નોંધ નં. ૧૩૪૧૯ થી તા. ૨૭/૦૨/૨૦૧૯ નાં રોજ પાડવામાં આવેલ. આમ, સદરહું મિલકત વિજય એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીની માલીકી અને કબજા ભાગવટાની ચાલી આવેલી.

**વોર્ડ નં. ૪ નાં સી.સ.નં. ૨૧૫૩** કે જેનું ક્ષેત્રફળ સુમારે ૨૫.૯૨ ચો.મી. તથા તેની પાછળનાં ભાગે યાને પુર્વ તરફનાં ભાગે આવેલ **સી.સ.નં. ૨૧૯૦ પૈકીથી નોંધાયેલી મિલકત**નું માપ મળી કુલ્લે ક્ષેત્રફળ સુમારે ૪૧.૮૦ ચો.મી. યાને ૫૦ ચો.વાર થાય છે તે મિલકત મુળ માલીક (૧) બાઇ અમીનાબીબી તે અબ્દુલ રહેમાનની વિધવા, (૨) શરીફુન્નીસા અબ્દુલ રહેમાન, (૩) મીયા અહમદ અબ્દુલ રહેમાન, (૪) સરફુદીન અબ્દુલ રહેમાન, (૫) ખેરુન્નીસા અબ્દુલ રહેમાન તથા (૬) ફાતમાબીબી અબ્દુલ રહેમાનનાંઓની માલીકીની ચાલી આવેલી. ત્યારબાદ, (૧) બાઇ અમીનાબીબી અબ્દુલ રહેમાનની વિધવા, (૨) શરીફુન્નીસા અબ્દુલ રહેમાન, (૩) મીયા અહમદ અબ્દુલ રહેમાન, (૪) સરફુદીન અબ્દુલ રહેમાન, (૫) ખેરુન્નીસા અબ્દુલ રહેમાન તથા (૬) ફાતમાબીબી અબ્દુલ રહેમાનનાંઓ કનેથી સદરહું મિલકત બંસીલાલ કીશોરભાઇએ રજી. વેચાણ દસ્તાવેજથી તા. ૩૧/૦૮/૧૯૫૭ નાં રોજ ખરીદ કરેલ, અને જે અંગેની નોંધ સીટી સર્વે દફતરે સને ૧૯૬૧ ની સાલમાં થયેલ.

ત્યારબાદ, બંસીલાલ કીશોરભાઇનું તા. ૨૦/૦૬/૧૯૬૪ નાં રોજ અવસાન થતાં તેમનાં કાયદેસરનાં વારસદારો તરીકે (૧) પરભુભાઇ બંસીલાલ, (૨) સગીર સતીષકુમાર પરભુદાસ, (૩) સગીર મનોજકુમાર પરભુદાસ તથા (૪) સગીર ઉર્મીલાબેન પરભુદાસનાંઓ હોય, નં. ૨ થી ૪ નાં વાલી તરીકે પરભુદાસ બંસીલાલનાં નામો તા. ૨૯/૦૯/૮૬ નાં રોજ સીટી સર્વે કચેરીએનાં પ્રોપર્ટી કાર્ડમાં દાખલ કરવામાં આવેલ, આમ, (૧) પરભુભાઇ બંસીલાલ, (૨) સગીર સતીષકુમાર પરભુદાસ, (૩) સગીર મનોજકુમાર પરભુદાસ તથા (૪) સગીર ઉર્મીલાબેન પરભુદાસનાંઓ સદરહું મિલકતનાં માલીક મુખત્યાર બનેલા.

ત્યારબાદ, સગીરો સતીષકુમાર પરભુદાસ, મનોજકુમાર પરભુદાસ તથા ઉર્મીલાબેન પરભુદાસનાંઓ પુખ્તવયનાં થયા બાદ (૧) પરભુભાઇ બંસીલાલ, (૨) સતીષકુમાર પરભુદાસ, (૩) મનોજકુમાર પરભુદાસ તથા (૪) ઉર્મીલાબેન પરભુદાસનાંઓએ સદરહું મિલકત વિજય એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીને વેચાણ આપેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ (૧) પરભુભાઇ બંસીલાલ, (૨) સતીષકુમાર પરભુદાસ, (૩) મનોજકુમાર પરભુદાસ તથા (૪) ઉર્મીલાબેન પરભુદાસનાંઓનાં કુલમુખત્યાર શ્રીરામ આર. વિજયવર્ગીયનાંએ વિજય એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીની તરફેણમાં કરી આપેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સુરતનાં સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૯૯૯૫ થી તા. ૨૦/૧૧/૨૦૦૪ નાં રોજ નોંધાયેલ. જે અંગેની સીટી સર્વે દફતરે વોર્ડ નં. ૪, સી.સ.નં. ૨૧૫૩ વાળા પ્રોપર્ટી કાર્ડમાં નોંધ નં. ૧૩૪૨૦ થી તા. ૨૭/૦૨/૨૦૧૯ નાં રોજ તથા વોર્ડ નં. ૪, સી.સ.નં. ૨૧૯૦/અ/૧/અ/૧/૧/અ/૨૮ વાળા પ્રોપર્ટી કાર્ડમાં નોંધ નં. ૧૩૪૨૧ થી તા. ૨૭/૦૨/૨૦૧૯ નાં રોજ પાડવામાં આવેલ. આમ, સદરહું મિલકત વિજય એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીની માલીકી અને કબજા ભોગવટાની ચાલી આવેલી.

**વોર્ડ નં. ૪ નાં સી.સ.નં. ૨૧૫૪** કે જેનું ક્ષેત્રફળ સુમારે ૨૫.૯૨ ચો.મી. તથા તેની પાછળનાં ભાગે યાને પુર્વ તરફનાં ભાગે આવેલ **સી.સ.નં. ૨૧૯૦ પૈકીથી નોંધાયેલી મિલકત** કે જેનું ક્ષેત્રફળ સુમારે ૧૫.૮૯ ચો.મી. ક્ષેત્રફળવાળી મિલકતનાં મુળ માલીક તરીકે (૧) કીકાભાઇ નાનાભાઇ તથા (૨) હીરાલાલ નાનાભાઇનાંઓ ચાલી આવેલા. ત્યારબાદ, (૧) કીકાભાઇ નાનાભાઇ તથા (૨) હીરાલાલ નાનાભાઇનાંઓ કનેથી મજકુર મિલકત શાંતીલાલ સખારામનાંએ રજી. વેચાણ દસ્તાવેજથી તા. ૧૫/૧૧/૧૯૬૦ નાં રોજ તથા તા. ૦૯/૦૨/૧૯૬૧ નાં રોજનાં રજીસ્ટર્ડ સપ્લીમેન્ટરી બીનઅવેજી દસ્તાવેજથી ખરીદ કરેલ, આમ, મજકુર મિલકતનાં શાંતીલાલ સખારામ માલીક, મુખત્યાર થયેલા.

ત્યારબાદ, શાંતીલાલ સખારામ કનેથી મજકુર મિલકત બાઇ કમળા તે હરગોવન અમથાની છોકરીએ વેચાણ રાખેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સુરતનાં સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નં. ૧૬૪૮ થી તા. ૨૯/૦૬/૧૯૬૩ નાં રોજ નોંધાયેલ. આમ, બાઇ કમળા તે હરગોવન અમથાની છોકરીનું નામ સીટી સર્વે કચેરીએનાં પ્રોપર્ટી કાર્ડમાં તા. ૩૧/૦૭/૧૯૬૩ નાં રોજ દાખલ થયેલ.

ત્યારબાદ, બાઇ કમળા તે હરગોવન અમથાની છોકરીએ તેઓનાં તન અને મનની સાવધ અવસ્થામાં એક વીલ યાને વસીયતનામું તા. ૦૧/૦૯/૧૯૮૭ નાં રોજ કરેલ, જે વીલ યાને વસીયતનામું મહેરબાન સુરતનાં સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નં. ૭૩૧૬ થી તા. ૦૨/૦૯/૧૯૮૭ નાં રોજ નોંધાયેલ. ત્યારબાદ, બાઇ કમળા તે હરગોવન અમથાની છોકરી તા. ૦૭/૦૭/૨૦૦૧ નાં રોજ અવસાન પામેલ હોય, જેથી મર્હુમનાં મરણ પહેલા કરેલ વીલનાં ફરમાન મુજબ મજકુર મિલકત નિતીન ઉર્ફે નિલેશ ઉર્ફે ઘનશ્યામ ચંપકલાલ ખંભાતીને માલીકી હકકે આપવામાં આવેલ, તેમજ ભકિત ચંપકલાલ ખંભાતીને અપરિણિત હોય ત્યાં સુધી રહેવાનો હકક આપવામાં આવેલ પરંતુ ભકિત ચંપકલાલ ખંભાતીનાં લગ્ન થઇ ગયેલ હોય તેઓનો મજકુર મિલકતમાંનાં રહેવાનાં હકકનો અંત આવેલ. આમ, મજકુર મિલકતનાં ઘનશ્યામ ચંપકલાલ ખંભાતી માલીક, મુખત્યાર થયેલા.

WALA SURAT

ત્યારબાદ, ઘનશ્યામ ચંપકલાલ ખંભાતીએ મજકુર મિલકત વિજય એન્ટરપ્રાઇઝ, એક ભાગીદારી પેઢીને વેચાણ આપેલ, પરંતુ મજકુર મિલકત ઘનશ્યામ ચંપકલાલ ખંભાતીને વિલની રૂએ મળેલ હોય, ભવિષ્યમાં ટાઇટલમાં કોઇ ખામી ન આવે અને ખોટી તકરારને અવકાશ ન રહે તે હેતુથી મર્હુમ બાઇ કમળા તે હરગોવન અમથાની છોકરીનાં કાયદેસરનાં સીધીલીટીનાં તમામ વારસદારો યાને (૧) ઘનશ્યામ ચંપકલાલ ખંભાતી, (૨) ભકિત ચંપકલાલ ખંભાતી, (૩) ચંપકલાલ ચીમનલાલ ખંભાતી, (૪) નિર્મળાબેન તે ચીમનલાલ ખંભાતીની દીકરી તથા (૫) સુમનબેન કાંતિલાલ લકડીવાલાનાંઓએ સાથે મળીને મજકુર મિલકતનો વેચાણ દસ્તાવેજ વિજય એન્ટરપ્રાઇઝ, એક ભાગીદારી પેઢીનાં લાભમાં કરી આપેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતનાં સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નં. ૮૮૭૨ થી તા. ૦૪/૦૬/૨૦૦૭ નાં રોજ નોંધાયેલ. જે અંગેની નોંધ સીટી સર્વે દફતરે વોર્ડ નં. ૪, સી.સ.નં. ૨૧૫૪ વાળા પ્રોપર્ટી કાર્ડમાં નોંધ નં. ૧૯૪૧ થી તા. ૨૦/૦૬/૨૦૦૮ નાં રોજ પાડવામાં આવેલ, જે તા. ૩૧/૦૭/૨૦૦૮ નાં રોજ પ્રમાણિત કરવામાં આવેલ. આમ, **વોર્ડ નં. ૪ નાં સી.સ.નોંધ નં. ૨૧૯૦ પૈકી અ/૧/અ/૧/૧/અ/૨૮ થી નોંધાયેલ કુલ જમીન પૈકીની ખુલ્લી જમીન** કે જે સી.સ.નોંધ નં. ૨૧૫૪ ની પાછળ યાને પુર્વ તરફનાં ભાગે આવેલ છે, જેનું ક્ષેત્રફળ **૧૫.૮૯ ચો.મી.** થાય છે તે ખુલ્લી જગ્યાવાળી મિલકતનાં વિજય એન્ટરપ્રાઇઝ, એક ભાગીદારી પેઢી માલીક મુખત્યાર અને કબજેદાર બનેલા.

**વોર્ડ નં. ૪ નાં સી.સ.નં. ૨૧૫૫** ની પાછળનાં ભાગે યાને પુર્વ તરફનાં ભાગે આવેલ **સી.સ.નં. ૨૧૯૦ પૈકીથી નોંધાયેલી મિલકત** કે જે સુમારે ૧૯ ચો.વાર ક્ષેત્રફળવાળી મિલકત સને ૧૯૭૦ અગાઉથી મુળ બાબુભાઇ મુકુંદરામનાં નામે ચાલી આવેલી. ત્યારબાદ, બાબુભાઇ મુકુંદરામ તા. ૦૫/૦૧/૨૦૦૧ નાં રોજ ગુજરી જતાં તેઓનાં કાયદેસરનાં સીધીલીટીનાં વારસદારો તરીકે (૧) જાનકીબેન તે બાબુભાઇ મુકુંદભાઇ સાલ્વીની વિધવા, (૨) ભાઇલાલભાઇ બાબુભાઇ, (૩) વિઠ્ઠલભાઇ બાબુભાઇ, (૪) ગોવિંદભાઇ બાબુભાઇ, (૫) ગણપતભાઇ ઉર્ફે ગણેશભાઇ બાબુભાઇ, (૬) હરકિશનભાઇ બાબુભાઇ તથા (૭) જશવંતીબેન બાબુભાઇ સાલ્વીનાંઓ ચાલી આવેલ. પરંતુ બાબુભાઇ મુકુંદરામએ તા. ૦૯/૧૧/૧૯૭૯ નાં રોજનાં બનાવેલ વિલ યાને વસિયતનામાંની રૂએ મજકુર મિલકત તેઓની પત્નિ જાનકીબેન તે બાબુભાઇ મુકુંદભાઇ સાલ્વીની વિધવા એકલાને માલિકી હકકે પ્રાપ્ત થયેલ, આમ, જાનકીબેન તે બાબુભાઇ મુકુંદભાઇ સાલ્વીની વિધવા મજકુર મિલકતનાં માલીક મુખત્યાર અને કબજેદાર ચાલી આવેલા.

ત્યારબાદ, જાનકીબેન તે બાબુભાઇ મુકુંદભાઇ સાલ્વીની વિધવાએ મજકુર મિલકત વિજય એન્ટરપ્રાઇઝ, એક ભાગીદારી પેઢીને વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ જાનકીબેન તે બાબુભાઇ મુકુંદભાઇ સાલ્વીની વિધવાનાં કુલમુખત્યાર તરીકે, (૧) હરકીશનદાસ બાબુભાઇ સાલ્વી તથા (૨) ભરતભાઇ વિઠ્ઠલભાઇ સાલ્વીનાંએ વિજય એન્ટરપ્રાઇઝ, એક ભાગીદારી પેઢીની તરફેણમાં કરી આપેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતનાં સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નં. ૧૫૯૨૯ થી તા. ૦૭/૧૨/૨૦૦૬ નાં રોજ નોંધાયેલ. આમ, **વોર્ડ નં. ૪ નાં સી.સ.નોંધ નં. ૨૧૯૦ પૈકી અ/૧/અ/૧/૧/અ/૨૮ થી નોંધાયેલ કુલ જમીન પૈકીની ખુલ્લી જમીન** કે જે સી.સ.નોંધ નં. ૨૧૫૫ ની પાછળ યાને પુર્વ તરફનાં ભાગે આવેલ છે, જેનું ક્ષેત્રફળ **૧૯ ચો.વાર** થાય છે તે ખુલ્લી જગ્યાવાળી મિલકતનાં વિજય એન્ટરપ્રાઇઝ, એક ભાગીદારી પેઢી માલીક મુખત્યાર અને કબજેદાર બનેલા.

**વોર્ડ નં. ૪ નાં સી.સ.નં. ૨૧૫૬** કે જેનું ક્ષેત્રફળ સુમારે ૨૫.૯૨ ચો.મી. તથા તેની પાછળનાં ભાગે યાને પુર્વ તરફનાં ભાગે આવેલ **સી.સ.નં. ૨૧૯૦ પૈકી અ/૧/અ/૧/૧/અ/૨૮ થી નોંધાયેલી મિલકત** કે જેનું ક્ષેત્રફળ સુમારે ૧૫.૦૫ ચો.મી. નું માપ મળી કુલ્લે ક્ષેત્રફળ સુમારે ૪૦.૯૭ ચો.મી. થાય છે તે મિલકત મુળ માલીક અબ્દુલ રહેમાન અમીરભાઇની માલિકીની ચાલી આવેલ. મજકુર અબ્દુલ રહેમાન અમીરભાઇ ગુજરી જતા તેમનાં વારસો તરફે મહે. સુરતનાં સીવીલ જડજ સી.ડી. સાહેબની કોર્ટમાં રેગ્યુલર દિવાની મુકદમો નં. ૧૬૫ સને ૧૯૩૭ નો દાવો કરવામાં આવેલો. સદર દાવામાં થયેલા ફેસલા મુજબ (૧) અમીનાબીબી તે અબ્દુલરહેમાન અમીરભાઇની વિધવા, (૨)

શરીફુન્નીસા તે અબ્દુલરહેમાન અમીરભાઇની દીકરી, (૩) સરફુદીન અબ્દુલ રહેમાન, (૪) ખેરુન્નીસા તે અબ્દુલરહેમાન અમીરભાઇની દીકરી, (૫) અહમદભાઇ અબ્દુલ રહેમાન તથા (૬) ફાતમાબીબી તે અબ્દુલરહેમાન અમીરભાઇની દીકરીનાંઓને માલીકી હકકે પ્રાપ્ત થયેલ. ત્યારબાદ, (૧) અમીનાબીબી તે અબ્દુલરહેમાન અમીરભાઇની વિધવા, (૨) શરીફુન્નીસા તે અબ્દુલરહેમાન અમીરભાઇની દીકરી, (૩) સરફુદીન અબ્દુલ રહેમાન, (૪) ખેરુન્નીસા તે અબ્દુલરહેમાન અમીરભાઇની દીકરી, (૫) અહમદભાઇ અબ્દુલ રહેમાન તથા (૬) ફાતમાબીબી તે અબ્દુલરહેમાન અમીરભાઇની દીકરીનાંઓ કનેથી મજકુર મિલકત (૧) કીકાભાઇ નાનાભાઇ તથા (૨) હીરાલાલ નાનાભાઇનાંઓએ તા. ૦૨/૦૭/૧૯૫૮ નાં રોજ વેચાણ રાખેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતનાં સબ રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નં. ૧૧૫૯ થી તા. ૦૨/૦૭/૧૯૫૮ નાં રોજ નોંધાયેલ. આમ, (૧) કીકાભાઇ નાનાભાઇ તથા (૨) હીરાલાલ નાનાભાઇનાંઓ મજકુર મિલકતનાં માલીક મુખત્યાર થયેલા.

